(૨૦૦)

# જાહેરનામુ

## પોલીસ કમિશનર, અમદાવાદ શહેર મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(એન), ૩૬(ઇ)(એ) અને ૩૮ મુજબના હુકમ ક્રમાંક:- ગ/ઉપક/ ૪૯૫/૨૦૧૬

## તા:- ૨૯-૦૯-૨૦૧૬

અમદાવાદ શહેર, પોલીસ કમિશનર હકુમત હેઠળના વિસ્તારમાં જાહેર જનતાને થતી હેરાનગતિ અટકાવવા માટે મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(એન), ૩૬(ઇ)(એ), ૩૭(૩) અને ૩૮ હેઠળ મળેલ સત્તાની રૂએ હું શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર આથી ફરમાવુ છુ કે, નીચે જણાવેલ વિસ્તારમાં તા:-૦૧/૧૦/૨૦૧૬ થી તા:-૧૦/૧૦/૨૦૧૬ સુધી કોઇપણ ખાનગી કે જાહેર સ્થળે રાત્રીના સમય ક:-૧૨.૦૦ વાગ્યા પછી કોઇપણ ગરબા, રાસ-ગરબા કે કાર્યક્રમમાં માઇક તથા લાઉડ સ્પીકર ચાલુ રાખી શકાશે નહી. માઇક તથા લાઉડ સ્પીકરનો ઉપયોગ નોઇસ પોલ્યુશન(રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ ૨૦૦૦ની કલમ ૫(૨)(૩)ની જોગવાઇઓને આધીન તથા ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગના તા:-૨૮/૦૯/૨૦૧૬ના જાહેરનામા અનુસાર રાત્રીના ૧૨.૦૦ વાગ્યા સુધી કરવાનો રહેશે. રાત્રીના ૧૨.૦૦ બાદ કોઇ પબ્લીક એડ્રેસ સિસ્ટમ વાજીંત્ર કે ઢોલ પણ વગાડવો નહી.

## વિસ્તાર

## અમદાવાદ શહેર, પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

**ઉપરોક્ત હુકમનો ઉલ્લંઘન કરનાર મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧,૧૩૪,૧૩૫,૧૩૬, અને ઇપીકો ક.૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.**

હું આથી આદેશ આપુ છુ કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઇથી જોઇ શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશ વાણી કે દુરદર્શન ઉપરથી કરાવવી.

આજ રોજ તા:-૨૯/૦૯/૨૦૧૬ના રોજ મારી સહી અને સિક્કાથી આપેલ છે.

COMMISSIONER OF POLICE A'BAD CITY सत्यमेव जयते

તા:- ૨૯/૦૯/૨૦૧૬
અમદાવાદ

(શિવાનંદ ઝા)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર